**ક્રિમી.પર.અ.નં.૨૪૫/૨૦૨૬.**

**ઓલપાડ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૬૦૮૬૫ ના કામે અરજદાર વિશાલકુમાર ઘનશ્યામભાઈ બોખા, ઠેકાણું:પ્લોટ–૩૨, વિશાલ નગર સોસાયટી, ચિકુવાડી રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૪નાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

---

**–:: આંક–૧ લગત હુકમ ::–**

સદર અરજી **વિશાલકુમાર ઘનશ્યામભાઈ બોખા, ઠેકાણું:પ્લોટ–૩૨, વિશાલ નગર સોસાયટી, ચિકુવાડી રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૪**ઓનો મુદ્દામાલ વાહન **ટેમ્પો ASHOK LEYLAND LTD** કંપનીનો, વાહનનો પ્રકાર:**GOOD CARRIER (LGV),** મોડલ નં.**DOST + XLP RLX,** જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-05-CY-7231** છે તથા ચેસીસ નં. **MB1AA2PE0SRTN7191** છે તથા એન્જીન નં. **TSH049593P** છે તે મુદ્દામાલ **ઓલપાડ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૬૦૮૬૫** ના કામે બી.એન.એસ. કલમ–૩૦૩ (૨) મુજબના ગુનાના કામે પોલીસે કબજે લીધેલ છે, તે કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમા મેળવવા બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ અન્વયે કરેલી છે.

સદર અરજી લગત ઓલપાડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીનો યોગ્ય મુદત સુધી અભિપ્રાય આવેલ નથી. સદર કામે એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો.

અરજદારના વિ.વકીલશ્રી પી.બી.પટેલ તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

અરજદારના વિ.વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, સદર મુદ્દામાલ વાહન અરજદારની માલીકીનો છે. સદરહુ મુદ્દામાલ વધુ સમય પો.સ્ટેશનમાં ખુલ્લામા અને જાળવણી વિના પડી રહે તો તેના ટાયર, ટયુબ, સ્પેર પાર્ટસ એન્જીન વિગેરેને નુકશાન થાય તેમ છે અને તે બીનઉપયોગી થઈ જાય તેવી શકયતા છે. સદર મુદ્દામાલ અરજદારનું ધંધા માટેનુ સાધન છે. સદર મુદ્દામાલ અરજદાર ધંધા માટેના ઉપયોગ માટે ખુબ અગત્યનું હોય અને રોજીંદા વપરાશની વસ્તુ હોય તેના વગર અરજદારને આર્થિક તકલીફ પડી

રહેલ છે. જેથી અરજદારને યોગ્ય રકમના બોન્ડ ઉપર મુદ્દામાલ પરત કરવામા આવે તો કેસની ટ્રાયલ દરમ્યાન જયારે જરૂરત પડે ત્યારે તેઓ રજુ કરશે.

અરજદાર તરફે તેઓનો મુદ્દામાલ હોવા સંબંધે રજુ કરેલ દસ્તાવેજોમાં અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ, આર.સી.બુકની નકલ, એફ.આઈ.આર. ની નકલ રજુ કરેલ છે તે તમામની હકીકતો ધ્યાનમાં લેતા અરજદાર મુદ્દામાલ વાહન **HONDA CARS INDIA LTD VB SHINE** ના માલીક હોવાનું જણાય આવે છે. સદર મુદ્દામાલ વાહન **HONDA CARS INDIA LTD VB SHINE** રોજબરોજ ઉપયોગમાં લેવાનું યાંત્રિક સાધન છે અને જો તે બિનઉપયોગી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેશે તો તેના સ્પેર, પાર્ટસ, સર્કિટ, ટાયર, ટયુબ વિગેરેને નુકશાન થાય તેમ છે જે ધ્યાને લેતા તેમજ નામદાર ઉચ્ચ અદાલતનો ચુકાદો એ.આઈ.આર. ૨૦૦૩, સુ.કો.પાના નં.૬૩૫, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાના સિધ્ધાંતોને પણ ધ્યાનમાં રાખતા મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે તે તમામ સંજોગોમાં મુદ્દામાલ વાહન **HONDA CARS INDIA LTD VB SHINE** યોગ્ય રકમના બોન્ડ પોલીસ સ્ટેશને રજુ કર્યેથી તથા શરતોને આધિન અરજદારને કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમાં સુપ્રત કરવુ ન્યાયી જણાતુ હોઈ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

અરજદારની અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અન્વયે મંજુર કરી મુદ્દામાલ વાહન **ટેમ્પો ASHOK LEYLAND LTD** કંપનીનો, વાહનનો પ્રકારઃ**GOOD CARRIER (LGV),** મોડલ નં.**DOST + XLP RLX,** જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-05-CY-7231** છે તથા ચેસીસ નં. **MB1AA2PE0SRTN7191** છે તથા એન્જીન નં. **TSH049593P** છે તે મુદ્દામાલ અરજદારને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી વચગાળાની કસ્ટડી તરીકે **અરજદાર વિશાલકુમાર ઘનશ્યામભાઈ બોખા, ઠેકાણુંઃપ્લોટ-૩૨, વિશાલ નગર સોસાયટી, ચિકુવાડી રોડ, કતારગામ,**

**સુરત–૩૯૫૦૦૭**નાઓને નીચેની શરતોએ સુપ્રત કરવા હુકમ કરવામાં આવે છે.

**//શરતો//**

૧) અરજદારે મુદ્દામાલ કેસના આખરી નિર્ણય સુધી કોઈને ગિરો, બક્ષિસ કે વેચાણથી તબદીલ કરવુ, કરાવવુ નહિ.

૨) અરજદારે મુદ્દામાલના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહિ.

૩) અરજદારે મુદ્દામાલ જયારે કોર્ટ ફરમાવે ત્યારે રજુ કરવુ.

૪) અરજદારે મુદ્દામાલનો કોઈ ગુનાના કામે ઉપયોગ કરવો–કરાવવો નહી.

૫) તપાસ કરનાર અમલદારે ફોટા પાડી તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ કરવા.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૬/૨૦૨૬
ઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સી.સીની.સિવિલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ00555